| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૧૩/૦૧/૨૦૨૩   શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૮૨/૨૦૨૩**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૩,૪૪,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૪૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૦૩ બિયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૫/૨૦૨૩

**શહેરકોટડાઃ (૧)** ઇલાબહેન વા/ઓ સંજયકુમાર સુતરીયા (રહે.પાટીયાનગરની ચાલી, જલકમલ સોસાયટી સામે, મેમ્કો, નરોડા) એ તા.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૨૮/૧૨/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશકુમાર કરશનભાઇ ચલાવે છે.

**શહેરકોટડાઃ (૨)** હીનાબહેન વા/ઓ જયેશભાઇ પટેલ (રહે.પંચવટીવાસ મોટા ચિલોડા, ગાંધીનગર) એ તા.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૦૯/૦૧/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરસપુર વોરાના રોજા ત્રિકમલાલની ચાલી નંબર-૨ ખાતે પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર મોહનલાલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૬/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ગોવિંદભાઈ ખેમાભાઇ સોલંકી (ઉ.વ.૬૦)(રહે.પાર્શ્વ રેસીડન્સી, પંચહોમ ફ્લેટની બાજુમાં, ચાંદખેડા) એ તા.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૧/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યા સુમારે ચાંદખેડા બીઆરટીએસ બસ સ્ટેન્ડ થી શટલ ઓટોરિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન ઓટોરિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ ગોવિંદભાઈની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગોવિંદભાઈને સત્યમેવ હોસ્પિટલ નજીક ઓટોરીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.સોલકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૭/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** કવિતાબહેન ડો/ઓ મનોહરભાઇ વણઝારા (ઉ.વ.૧૭)(રહે.ગાયત્રીનગર સોસાયટી, વસંતનગર ટાઉનશીપ ગોતા હાઉસિંગ ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૧/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

**એરપોર્ટઃ** હર્ષ વિનોદકુમાર મોદીયાની (ઉ.વ.૧૭)(રહે, સ્વસ્તીક પાર્ક જીવનદીપ હોસ્પીટલ પાસે ઇન્દીરાબ્રિજ સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એપોલો હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ જીવાજી ચલાવે છે.

**નારોલઃ** મીનાબહેન વા/ઓ બાબુભાઇ સરવૈયા (ઉ.વ.૫૦)(રહે.સનરાઇઝ હોમ્સ ભમ્મરીયા રોડ વટવા કેનાલ પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૧/૨૦૨૩ રાતના ૮/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી